# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 05-01-2025** **MIDDAY : 1.20 to 1.30**
**Day : SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **ચૈતાલી જોષી** વાંચે છે.

**************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીમાં મેટ્રોના નવા રૂટનું ઉદઘાટન કરીને મેટ્રોમાં મુસાફરી કરી બાળકો સાથે વાતચીત કરી.
2. ચીનમાં ફેલાયેલા HMP વાયરસના પગલે તકેદારીના ભાગરૂપે ઇન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ દ્વારા પરીક્ષણ માટેની પ્રયોગ શાળાઓ વધારશે.
3. ભારત અને બાંગ્લાદેશ આજે પોતપોતાના દેશોની જેલમાં બંધ 185 માછીમારો અને તેમની બોટને મુક્ત કરશે.
4. છત્તીસગઢમાં સુરક્ષા દળોએ ચાર માઓવાદીઓને ઠાર કર્યા.
5. પાંચમી ટેસ્ટ મેચમાં ભારતને ઓસ્ટ્રેલિયાએ છ વિકેટથી હરાવીને બોર્ડર ગવાસ્કર ટ્રોફી જીતી.

**********************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM DELHI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે સાહિબાબાદ RRTS સ્ટેશનથી ન્યૂ અશોક નગર સ્ટેશન વચ્ચે નમો ભારત ટ્રેનમાં મુસાફરી કરી હતી. તેમણે સફર દરમિયાન ટ્રેનમાં બેઠેલા બાળકો સાથે વાતચીત કરી હતી. 13 કિલોમીટરના આ રૂટનું નિર્માણ આશરે 4 હજાર 600 કરોડ રૂપિયાના ખર્ચે થયુ છે.

પ્રધાનમંત્રી શ્રી મોદી 12 હજાર 200 કરોડ રૂપિયાથી વધુના મૂલ્યના બહુવિધ વિકાસલક્ષી પ્રોજેક્ટોનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરવા માટેના કાર્યક્રમમાં દિલ્હી પહોંચ્યા છે. આ ઉપરાંત, પીએમ મોદીએ લગભગ 6 હજાર 230 કરોડ રૂપિયાના ખર્ચે બનનારા દિલ્હી મેટ્રો ફેઝ-4ના 26.5 કિમી રિથાલા-કુંડલી સેક્શનનો શિલાન્યાસ પણ કર્યો હતો.

# GOVT - HMPV

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે કહ્યું છે કે તેછેલ્લા કેટલાક અઠવાડિયામાં ચીનમાં ફેલાતા HMP વાયરસ પર નજીકથી નજર રાખી રહ્યું છે. મંત્રાલયે કહ્યું કે ઇન્ડિયન કાઉન્સિલ ઓફમેડિકલ રિસર્ચ - ICMR HMP વાયરસનું પરીક્ષણ કરવા માટે પ્રયોગશાળાઓની સંખ્યામાં વધારો કરશે અને સમગ્ર વર્ષ દરમિયાન વાયરસના વલણો પર દેખરેખ સુનિશ્ચિત કરશે.

મંત્રાલયે આ મુદ્દા પર વિચારણા કરવા માટે નવીદિલ્હીમાં આરોગ્ય સેવાઓના મહાનિર્દેશકની અધ્યક્ષતામાં સંયુક્ત દેખરેખ જૂથની બેઠક બોલાવી હતી. આરોગ્ય સેવાઓના મહાનિર્દેશક ડૉ. અતુલ ગોયલે

લોકોને ખાતરી આપી છે કેવર્તમાન પરિસ્થિતિમાં ગભરાવાની જરૂર નથી અને લોકોએ સામાન્ય સાવચેતી રાખવાની જરૂર છે.

જોઈન્ટ મોનિટરિંગ ગ્રુપે કહ્યું છે કે આ વાયરસ ભારત સહિત દુનિયાભરમાં પહેલાથી જ હાજર છે. તેમણેકહ્યું કે ઈન્ફલ્યુએન્ઝા જેવી બીમારી અને ઈન્ફલ્યુએન્ઝા માટે ગંભીર શ્વસન બિમારીમાટે સર્વેલન્સ સિસ્ટમ્સ ભારતમાં ICMR અને IDSP નેટવર્ક દ્વારા પહેલાથી જ અસ્તિત્વમાં છે. આ બંને નેટવર્કોએ દર્શાવ્યું છે કેવાયરસના કેસોમાં કોઈ અસામાન્ય વધારો થયો નથી.

# INDIA- BANGLADESH FISHERMEN

ભારત અને બાંગ્લાદેશ આજે પોતપોતાના દેશોમાં જેલમાં બંધ 185 માછીમારો અને તેમના જહાજો ની પરસ્પર આપ-લે કરશે. બાંગ્લાદેશ 95 ભારતીય માછીમારોને ભારતીય સત્તાવાળાઓને સોંપશે. જ્યારે ભારત ની જેલમાં બંધ 90 બાંગ્લાદેશી માછીમારોને મુક્ત કરાશે. ભારતમાં પકડાયેલી બે બાંગ્લાદેશી બોટ અને બાંગ્લાદેશમાં પકડાયેલી છ ભારતીય બોટ પણ સોંપાશે.

અગાઉ ગુરુવારે બાંગ્લાદેશ સત્તાવાળાઓ બે મહિનાથી વધુ સમયથી તેમની જેલમાં બંધ 95 ભારતીય માછીમારોને મુક્ત કરી બાંગ્લાદેશ કોસ્ટ ગાર્ડને સોંપ્યા હતા, જેથી પ્રત્યાર્પણ પ્રક્રિયા પૂર્ણ કરી શકાય.

# BANGLADESH EKNATH SHINDE

બાંગ્લાદેશથી ગેરકાયદેસર વસાહતીઓ પરની કાર્યવાહી બાદ, મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેએ કહ્યું હતું કે, દેશની સુરક્ષા સાથે "કોઈ સમાધાન" કરાશે નહીં. પત્રકારો સાથે વાત કરતા શિંદેએ કહ્યું કે, બાંગ્લાદેશથી ગેરકાયદેસર વસાહતીઓને દેશનિકાલ કરવામાં આવ્યા છે. આ કાર્યવાહી ઝડપી ગતિએ કરવામાં આવી રહી છે. તેમણે કહ્યું કે, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પણ આ મુદ્દે એક બેઠકની અધ્યક્ષતા કરી હતી અને તેને ગંભીરતાથી લેવામાં આવી રહી છે. ગેરકાયદેસર ઇમિગ્રન્ટ્સ, ખાસ કરીને રોહિંગ્યા અને બાંગ્લાદેશી નાગરિકો, રાષ્ટ્રીય રાજધાની અને મહારાષ્ટ્રમાં કથિત રીતે પ્રવેશી રહ્યા છે અને સ્થાયી થયા હોવાના અહેવાલો વચ્ચે આ નિવેદન સામે આવ્યું છે.

## CG- MAOISTS KILLED

છત્તીસગઢમાં આજે સુરક્ષા દળો સાથેની અથડામણમાં ચાર માઓવાદીઓ માર્યા ગયા હતા. આ અથડામણમાં એક સુરક્ષા જવાન પણ શહીદ થયો હતો. સુરક્ષા દળોએ માર્યા ગયેલા માઓવાદીઓના મૃતદેહ કબજે કર્યા છે. ઘટનાસ્થળેથી એકે 47 અને સેલ્ફ લોડિંગ રાઈફલ સહિત મોટી સંખ્યામાં હથિયારો અને દારૂગોળો પણ મળી આવ્યો છે. વિસ્તારમાં ફાયરિંગ અને શોધખોળ અભિયાન હજુ પણ ચાલુ છે.

## DATA-NIYAM

ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવેલ ડ્રાફ્ટ ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન રૂલ્સનો હેતુ નાગરિકોના તેમના અંગત ડેટાને સુરક્ષિત રાખવાના અધિકારોનું રક્ષણ

કરવાનો છે. મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન એક્ટ, 2023 ડિજિટલ વ્યક્તિગત ડેટાની સુરક્ષા માટે મજબૂત માળખું બનાવવાની ભારતની પ્રતિબદ્ધતા અનુસાર આ નિયમો દ્વારા લાગુ કરવામાં આવશે. ડ્રાફ્ટ નિયમો વિવિધ હિતધારકો પાસેથી લેવામાં આવેલા વ્યાપક પ્રતિસાદ અને વૈશ્વિક શ્રેષ્ઠ પ્રથાઓના અભ્યાસ પર આધારિત છે.

મંત્રાલયે કાયદો બનાવવા માટે સર્વસમાવેશક અભિગમ અપનાવવાની સરકારની પ્રતિબદ્ધતાને અનુરૂપ MyGov પ્લેટફોર્મ દ્વારા 18 ફેબ્રુઆરી, 2025 સુધીમાં જનતા અને હિતધારકો પાસેથી ડ્રાફ્ટ નિયમો પર ટિપ્પણીઓ આમંત્રિત કરી છે. સંમતિ મિકેનિઝમ, ફરિયાદ નિવારણ અને ડેટા પ્રોટેક્શન બોર્ડની કામગીરીને "બોર્ન ડિજિટલ" તરીકે પરિકલ્પના કરવામાં આવી છે, જે જીવનના સરલી કરણ અને વ્યવસાય કરવાની સરળતાને સુનિશ્ચિત કરશે. આ શાસન પ્રત્યે ભારતના દૂરંદેશી અભિગમને દર્શાવે છે.

## US SECRETARY

અમેરિકાના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર જેક સુલિવાન બે દિવસીય ભારતની મુલાકાતે આજે નવી દિલ્હી આવશે  તેઓ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ સાથે વાતચીત કરશે. બંને નેતાઓ અવકાશ, સંરક્ષણ અને વ્યૂહાત્મક ટેક્નોલોજી સહકાર સહિતના વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરશે.. તેમની મુલાકાત દરમિયાન શ્રી સુલિવાન, વિદેશ મંત્રી એસ જયશંકર અને અન્ય ભારતીય નેતાઓને પણ મળશે. તેઓ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી દિલ્હી (IIT)ની પણ મુલાકાત લેશે.

# TEST MATCH

ટેસ્ટ ક્રિકેટમાં, ઓસ્ટ્રેલિયાએ સિડનીમાં પાંચમી અને અંતિમ ટેસ્ટ મેચમાં ભારતને છ વિકેટથી હરાવ્યું હતું આ જીત સાથે જ ઓસ્ટ્રેલિયાએ બોર્ડર-ગાવસ્કર ટ્રોફી, 3-1થી જીતી લીધી છે. ઓસ્ટ્રેલિયાએ આજે ત્રીજા દિવસે 162 રનના લક્ષ્યનો સફળતાપૂર્વક પીછો કર્યો હતો.

આ જીત સાથે ઓસ્ટ્રેલિયાએ ICC વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ 2023-2025ની ફાઈનલ માટે પણ ક્વોલિફાય કરી લીધું છે. આ વર્ષે જૂનમાં રમાનારી ફાઇનલમાં તેનો મુકાબલો દક્ષિણ આફ્રિકા સામે થશે.

# MANDAVIYA - SUNDAYS ON CYCLE

કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી ડો.મનસુખ માંડવિયાએ આજે સવારે ગુજરાતના પોરબંદરમાં તેમના મતવિસ્તારમાં ફિટ ઈન્ડિયા મૂવમેન્ટ હેઠળ "સન્ડે ઓન સાયકલ" પહેલમાં ભાગ લીધો હતો. ડો.માંડવીયાએ પોરબંદરના ઉપલેટા વિસ્તારમાં સ્થાનિકો સાથે સાયકલ રાઈડ કરી હતી. સાયકલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (CFI) અને MY Bharat ના સહયોગથી, ફિટનેસ અને ટકાઉપણાને પ્રોત્સાહન આપવા લોકોને રવિવારે સાયકલ ચલાવવા માટે પ્રોત્સાહિત કરવા માટે "સન્ડે ઓન સાયકલ" પહેલ ગયા મહિને યુવા બાબતો અને રમતગમત મંત્રાલય દ્વારા શરૂ કરવામાં આવી હતી.

# KUMBH MEDRID MELO

ઉત્તર પ્રદેશ સરકાર સ્પેનમાં આંતરરાષ્ટ્રીય પ્રવાસન મેળામાં મહા કુંભ મેળા 2025ને પ્રોત્સાહન આપશે. મહા કુંભ મેળાને માનવતાના સાંસ્કૃતિક વારસા તરીકે રજૂ કરવામાં આવશે. આધ્યાત્મિક, ઐતિહાસિક અને સાંસ્કૃતિક મહત્વને ઉજાગર કરીને  મેડ્રિડમાં આંતરરાષ્ટ્રીય પ્રવાસન મેળામાં વૈશ્વિક મંચ પર મહા કુંભની ભવ્યતાને રજૂ કરાશે. વિશ્વભરના લોકોને આ ભવ્ય પ્રસંગનો અનુભવ કરવા માટે આમંત્રણ પણ મોકલવામાં આવશે. યજમાન દેશો અને પડોશી પ્રદેશોના ટુર ઓપરેટરો સહિત વિવિધ પ્રવાસન ક્ષેત્રના પ્રતિનિધિઓ સાથે પણ જોડાણ સ્થાપિત કરવામાં આવશે.

# IMD WEATHER

ભારતીય હવામાન વિભાગે આજે જમ્મુ-કાશ્મીર, લદ્દાખ અને હિમાચલ પ્રદેશમાં હળવાથી મધ્યમ વરસાદ અને હિમવર્ષાની આગાહી કરી છે. આગામી બે દિવસમાં પંજાબ, હરિયાણા, ચંદીગઢ અને ઉત્તર પશ્ચિમ ઉત્તર પ્રદેશમાં વાવાઝોડા સાથે છૂટાછવાયા વરસાદની આગાહી પણ હવામાન વિભાગે કરી છે. IMDએ જણાવ્યું હતું કે, આવતીકાલે ઉત્તરાખંડમાં છૂટાછવાયા વરસાદ અથવા હિમવર્ષાની પણ અપેક્ષા છે.

IMD એ આગાહી કરી છે કે, આગામી ત્રણ દિવસમાં ઉત્તર પશ્ચિમ ભારતમાં લઘુત્તમ તાપમાનમાં 2 થી 3 ડિગ્રી સેલ્સિયસનો ધીમે ધીમે વધારો થશે. તે એમ પણ કહેછે, કે આગામી ત્રણ દિવસ દરમિયાન મધ્ય અને પૂર્વ ભારતમાં લઘુત્તમ તાપમાનમાં કોઈ નોંધપાત્ર ફેરફાર થશે નહીં.

# SUDAN PARAMILITARY ATTACK

સુદાનમાં, રાજધાની શહેર ખાર્તુમ અને પશ્ચિમ સુદાનના ઉત્તર ડાર્ફુર રાજ્યના અલ ફાશર શહેરમાં અર્ધલશ્કરી રેપિડ સપોર્ટ ફોર્સ દ્વારા કરાયેલા ગોળીબારમાં આઠ નાગરિકો માર્યા ગયા હતા અને 53 અન્ય ઘાયલ થયા હોવાના અહેવાલ સાંપડી રહ્યાં છે. ખાર્તુમ રાજ્યના આરોગ્ય મંત્રાલયે જણાવ્યું છે કે, RSF મિલિશિયાના સતત ગોળીબારમાં ખાર્તુમના ઉત્તરમાં કરારી વિસ્તાર અને ખાર્તુમની પૂર્વમાં આવેલા શાર્ક અલનીલ વિસ્તારમાં 4 નાગરિકો માર્યા ગયા છે. જ્યારે 43 અન્ય ઇજાગ્રસ્ત થયા હતા.

તદુપરાંત, સુદાનીઝ સશસ્ત્ર દળોએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, શુક્રવારે અલ ફાશરમાં રહેણાંક વિસ્તારો પર આરએસએફ દ્વારા કરવામાં આવેલા ગોળીબારમાં ચાર નાગરિકો માર્યા ગયા હતા અને 10 અન્ય ઘાયલ થયા હતા. આફ્રિકન દેશ ભયંકર પરિસ્થિતિનો સામનો કરી રહ્યો છે. કારણ કે, સશસ્ત્ર દળો અને મિલિશિયા અર્ધલશ્કરી રેપિડ સપોર્ટ ફોર્સ (RSF) વચ્ચે ચાલી રહેલી હિંસા વધી રહી છે.